# શ્રીમતિ આર.ડી.ગાર્ડી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ,
# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

## જે વિદ્યાર્થીઓએ CMAT-2025 પરીક્ષા આપેલ છે તેવા વિદ્યાર્થીઓ માટે એમ.બી.એ. અભ્યાસક્રમમાં એડમીશન અંગેની માહિતી

| ક્રમ નંબર | માહિતી |
|---|---|
| ૦૧ | એમ.બી.એ. અભ્યાસક્રમના એડમીશન ગુજરાત સરકારની મધ્યસ્થ પ્રવેશ સમિતી (Admission Committee for Professional Courses, ACPC, Ahmedabad) દ્વારા હાથ ધરવામાં આવે છે. એડમીશન અંગેની તમામ માહિતી ACPCની વેબસાઇટ https://acpc.gujarat.gov.in/ પર મુકવામાં આવે છે. તેમજ આ અંગેની જાહેરાત ACPC, અમદાવાદ દ્વારા વર્તમાન પત્રોમાં પણ આપવામાં આવે છે. તે મુજબની પ્રવેશ અંગેની પ્રક્રિયા વિદ્યાર્થીઓએ કરવાની રહેશે. |
| ૦૨ | એમ.બી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થી કોઈપણ વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ હોવા જરૂરી છે. (કેટેગરી વાઈઝ એડમીશન માટેની ટકાવારી : OPEN-50%, SEBC(OBC),SC,ST,EWS-45%). |
| ૦૩ | વિદ્યાર્થીઓએ CMAT-2025 પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ. સીમેટ પરીક્ષા ક્યારે લેવામાં આવે છે તેની જાણકારી https://exams.nta.ac.in/CMAT/ વેબસાઈટ પર મુકવામાં આવે છે. |
| ૦૪ | જે વિદ્યાર્થીઓએ CMAT-2025 પરીક્ષા પાસ કરેલ નથી તેવા વિદ્યાર્થીઓએ NON CMAT પ્રવેશ અંગેની ACPC, અમદાવાદ કમિટીની જાહેરાત તેમની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/ પર મુકવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે. |
| ૦૫ | CMAT પરીક્ષાના કટ ઓફ માર્કસ, રેન્ક, હેલ્પ સેન્ટરની માહિતી ACPCની વેબસાઈટ https://acpc.gujarat.gov.in/ પર મુકવામાં આવે છે. |

| | |
|---|---|
| ૦૬ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.બી.એ. ભવનમાં ગ્રાન્ટ-ઈન-એઈડ(સરકારી) (કોલેજ કોડ ૮૦૧૬૮૭) તથા સેલ્ફ ફાઈનાન્સ(પ્રાઈવેટ) (કોલેજ કોડ ૮૦૧૬૮૮) ૦૨ વિભાગ છે. |
| ૦૭ | ગ્રાન્ટ-ઈન-એઈડ(સરકારી)માં ૭૫ સીટ અને સેલ્ફ ફાઈનાન્સ(પ્રાઈવેટ)માં ૩૪ સીટ છે. |
| ૦૮ | ગ્રાન્ટ-ઈન-એઈડ(સરકારી)માં પ્રથમ વર્ષની અંદાજીત ફી ₹૧૩,૬૭૦/- રહેશે. |
| ૦૯ | સેલ્ફ ફાઈનાન્સ(પ્રાઈવેટ)માં પ્રથમ વર્ષની અંદાજીત ફી ₹૫૦,૬૪૦/- રહેશે. |
| ૧૦ | યુનિવર્સિટી પરીક્ષા ફી પ્રતિ સેમેસ્ટર ₹૭૪૦/- રહેશે. |
| ૧૧ | ડીગ્રી ફી ₹૧૨૫/- રહેશે. (ફક્ત છેલ્લા સેમેસ્ટરમાં ચુકવવાની રહેશે.) |
| ૧૨ | ફીની ચુકવણી સેમેસ્ટર વાઈઝ ઓનલાઈન માધ્યમથી કરવાની રહેશે. |
| ૧૩ | ભવનમાં અભ્યાસનો સમય સવારે ૧૧:૦૦થી સાંજના ૦૫:૩૦ સુધીનો રહેશે. |
| ૧૪ | ભવન ખાતે વિધાર્થીઓએ પ્રતિ સેમેસ્ટર ૮૦% હાજરી ફરજીયાત આપવાની રહેશે. (અભ્યાસક્રમ એક્સટર્નલ નથી). |
| ૧૫ | એમ.બી.એ. અભ્યાસક્રમની ડિગ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની આપવામાં આવશે |
| ૧૬ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એમ.બી.એ. અભ્યાસક્રમનો સીલેબસ http://sumba.org.in/mbaprog.php વેબસાઈટ પર મુકવામાં આવેલ છે. |
| ૧૭ | સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બોયઝ તથા ગર્લ્સ હોસ્ટેલ છે. જેમાં વિધાર્થીઓને મેરીટ મુજબ એડમિશન આપવામાં આવે છે. હોસ્ટેલ અંગેની વધુ માહિતી માટે વિધાર્થીઓએ હોસ્ટેલની મુલાકાત લેવાની રહેશે |
| ૧૮ | વિધાર્થીઓને ભવનમાં એડમિશન બાદ ભવન લાઈબ્રેરી ખાતેથી અભ્યાસક્રમની બુક્સ આપવામાં આવશે. જે બુક્સ તેઓની સેમેસ્ટર લેખિત પરીક્ષા બાદ ભવન લાઈબ્રેરી ખાતે પરત જમા કરાવવાની રહેશે. |

# શ્રીમતિ આર.ડી.ગાર્ડી ડિપાર્ટમેન્ટ ઓફ બિઝનેશ મેનેજમેન્ટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ (કોલેજ કોડ-૮૦૧૬૮૮).

## જે વિધાર્થીઓએ CMAT-2025 પરીક્ષા નથી આપેલી તેવા વિધાર્થીઓ માટેનું

## એમ.બી.એ. (સેલ્ફ ફાઈનાન્સ, પ્રાઈવેટ) અભ્યાસક્રમ

## ACPC પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેતી સીટો માટેનું

## (Vacant Quota) (Non-CMAT) એડમિશન

## રજીસ્ટ્રેશન ફોર્મ

## વર્ષ 2025-26

**ઉપરોક્ત QR કોડ ગુગલ ક્રોમ બાઉઝરમાં સ્કેન કરી ફોર્મ ભરવું. અથવા નીચે આપેલ લીંક ગુગલ ક્રોમ બાઉઝરમાં ઓપન કરી ફોર્મ ભરવું.**

**https://forms.gle/fsx3JiyoJWoFbWWx8**

- જે વિદ્યાર્થીઓએ CMAT-2025 પરીક્ષા પાસ કરેલ નથી તેવા વિદ્યાર્થીઓને ACPC દ્વારા એડમિશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી સીટો પર ACPCની મંજૂરી મળ્યા બાદ તેઓના એડમિશનની પ્રક્રિયા ACPCની ગાઈડ લાઈન મુજબ ભવન દ્વારા હાથ ધરવામાં આવશે. સામાન્ય રીતે આ પ્રક્રિયા ઓગસ્ટ-૨૦૨૫માં શરુ થવાની સંભાવના છે.
- એમ.બી.એ. અભ્યાસક્રમ પૂર્ણ સમયનો અભ્યાસક્રમ છે.
- ભવનમાં અભ્યાસનો સમય સવારે ૧૧:૦૦થી સાંજના ૦૫:૩૦ સુધીનો રહેશે. ભવન ખાતે વિદ્યાર્થીઓએ પ્રતિ સેમેસ્ટર ૮૦% હાજરી ફરજીયાત આપવાની રહેશે. (અભ્યાસક્રમ એક્સટર્નલ નથી).
- સેલ્ફ ફાઈનાન્સ(પ્રાઈવેટ)માં પ્રથમ વર્ષની અંદાજીત ફી ₹૫૦,૬૪૦/- રહેશે.
- એમ.બી.એ. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વિદ્યાર્થી કોઈપણ વિદ્યાશાખામાં ગ્રેજ્યુએટ હોવા જરૂરી છે. (કેટેગરી વાઈઝ એડમીશન માટેની ટકાવારી : OPEN-50%, SEBC(OBC),SC,ST,EWS-45%).
- ACPC દ્વારા એડમિશન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ખાલી રહેતી સીટો પર ACPCની મંજૂરી મળ્યા બાદ એડમિશન પ્રક્રિયા ચાલુ કરવામાં આવશે. જે માટે આપે ગુગલ ફોર્મમાં ભરેલ વોટ્સએપ નંબરમાં આપને ભવન દ્વારા એડમિશન પ્રક્રિયા અંગેની જાણ કરવામાં આવશે. વધુ માહિતી માટે આપે મોબાઈલ નંબર ૯૧૦૬૧ ૮૫૯૮૫ પર ફોન કરવાનો રહેશે.